R.N.I. Regd. No. GUJGUJ/2022/82886

Date of Publication: 25th of Every May, August, November & February

**નાપા - નડિયાદ - પાદરા દિશાવાળ સમાજનું અગ્રણી મુખપત્ર**

ગુજરાતનો સમૃધ્ધ વૈશ્વિક ઉચ્ચ જ્ઞાતિનો સનાતન પરિવાર

# સદ્ગુણ જયતે

## ત્રિમાસિક

સનાતન સદ્કર્મ સંસ્કાર સાહસ સમજુતી સંબંધ

Editor: KAUSHAL JAYANTILAL SHAH
Mobile : 88668 83883

SADGUN JAYATE
(QUARTERLY)

Yr: 04 ● Iss. : 02 ● Cont. Issue: 14 ● August 25, 2025 ● Page: 04 ● Price : Rs. 5-00 ● Annual Sub. : Rs.20/-

Off. : Shree Shakti Management, Lower Ground Floor, Shop No. 20, Center Point, Panchvati Cross Road, C.G. Road, Ahmedabad - 6




વાસ્તુ મુજબ શ્રી કૃષ્ણની વાંસળીને ઘરમાં ઉચ્ચ યોગ્ય સ્થાન પર રાખે છે. ઘરમાં જ્યાં દેવતાઓનો વાસ હોય ત્યાં એક સુંદર વાંસળી લઈને રાખવી જોઈએ. વાંસળી અથવા બંસી કેવી હોવી જોઇએ ? વાસ્તુ મુજબ અલગ અલગ રંગ અને પ્રકારની વાંસળી અલગ અલગ ફળ આપતી માનવામાં આવે છે.

**વાંસળીના પ્રકાર**

૧. વાંસ

મોટાભાગની વાસળી વાંસથી બનેલ હોય છે કેમકે વાંસના છોડને દિવ્ય માનવામાં આવે છે.

૨. લાકડી

લાકડીની વાંસળી હોય તો શ્રીકૃષ્ણની કૃપા તમારા ઉપર હંમેશા બની રહેશે. નવો ધંધો શરૂ કરવો છે તો કબાટમાં લાકડાની વાંસળી રાખવી જોઈએ.

૩. ચંદન

જીવનમાં સુખ, શાંતિ અને ખુશીઓ માટે ચંદનના લાકડાની વાંસળી રાખો.

૪. પિત્તળ

શિક્ષા, વ્યવસાય અને નોકરીમાં બાધાઓ ઉત્પન્ન થઈ રહી છે, તો ઘરની પૂર્વ અથવા ઉત્તર દિશામાં સોના અથવા પિત્તળની વાંસળીને રાખો.

૫. ચાંદી

દુકાન અથવા વ્યાપારિક સંસ્થાનમાં ચાંદીની વાંસળી રાખવાથી વ્યાપારમાં વધારો અને ધન લાભ થાય છે. પૂજા ઘરમાં રાખવાથી આર્થિક સમસ્યાથી છુટકારો મળે છે.

૬. સોનું

ગંભીર અને લાંબી બીમારીથી બચવા માટે સ્વર્ણ એટલે કે સોનાની વાંસળી રાખવી જોઈએ.

## વાંસળીનો રંગ

- ★ મનપસંદ નોકરી મેળવવા માટે રૂમના મુખ્ય દરવાજા પાસે પીળા રંગની વાંસળી રાખો.
- ★ અટકેલા કાર્યને પૂર્ણ કરવા માટે ઘરના મંદિરમાં મોર પાંખ લગાવીને વાંસળી રાખો.
- ★ મનપસંદ જીવનસાથી સાથે લગ્ન કરવા માટે ઓશિકાની નીચે લાલ વાંસળી રાખો.
- ★ સંતાન પ્રાપ્તિ માટે બેડરૂમમાં લીલી વાંસળીને રાખો, જે કોઈને જોવા મળે નહિ.
- ★ કરિયરમાં સફળતા માટે અભ્યાસ માટે સફેદ વાંસળીને રાખો.
- ★ ગૃહકંકાશ દૂર કરવા માટે એક જ રંગની બે વાંસળીઓ મુખ્ય રૂમમાં રાખો.
- ★ નેગેટિવિટી થી બચાવવા માટે કાળા રંગની શણગારેલ વાંસળીને ઘર અથવા દુકાનની છત પર ટીંગાડી દો.

# કઇ એકાદશી (અગિયારસ) કરવાથી શું ફળ મળે?

| | | | |
|---|---|---|---|
| **પ્રબોધિની** | **દેવ ઉઠી એકાદશી (ચાતુર્માસ પૂરા થાય). હજાર અશ્વમેઘ, સો રાજસૂય યજ્ઞ,** ગોદાનનું પુણ્ય ફળ મળે | **કારતક** | **શુક્લ** (સુદ) |
| ઉત્પત્તિ | શત્રુ હણાય, વિઘ્નો દૂર થાય | કારતક | કૃષ્ણ (વદ) |
| મોક્ષદા (ગીતાજયંતિ) | વાજપેય યજ્ઞ ફળ, માતા-પિતા પુત્ર નરકમાંથી સ્વર્ગમાં જાય, મોક્ષ મળે | માગશર | શુક્લ (સુદ) |
| સફલા | તે જ જન્મમાં મોક્ષ મળે, રાજસૂય યજ્ઞનું ફળ મળે. | માગશર | કૃષ્ણ (વદ) |
| પુત્રદા | પુત્ર સુખ મળે, સ્વર્ગ પ્રાપ્ત થાય, અશ્વમેઘ યજ્ઞનું ફળ મળે. | પોષ | શુક્લ (સુદ) |
| **ષટ્તિલા** | **નિર્ભય બનાય, દારિદ્ર કે દુઃખ કે દુર્ભાગ્ય આવતા નથી.** | **પોષ** | **કૃષ્ણ** (વદ) |
| જયા | બ્રહ્મ હત્યાનો નાશ થાય, પિશાચપણામાંથી મુક્તિ મળે, અગ્નિષ્ટોમ નું ફળ મળે. | મહા | શુક્લ (સુદ) |
| વિજયા | જય મળે, વાજપેય યજ્ઞનું ફળ મળે, અવિનાશી લોકમાં જાય. | મહા | કૃષ્ણ (વદ) |
| આમલકી | વિષ્ણુલોકમાં જાય. | ફાગણ | શુક્લ (સુદ) |
| **પાપમોચની** | **પિશાચપણાનો નાશ, સર્વ પાપ નાશ, હજાર ગો દાન પુણ્ય, બ્રહ્મહત્યા, સોનુ** ચોરે, મદ્યપાન, ગુરુ-સ્ત્રી ગમન વગેરે પાપોમાંથી મુક્તિ મળે. | **ફાગણ** | **કૃષ્ણ** (વદ) |
| કામદા | રાક્ષસપણું છૂટે, પિશાચપણું જાય, વાજપેય યજ્ઞનું ફળ મળે. | ચૈત્ર | શુક્લ (સુદ) |
| **વરુથિની** | **૧૦ હજાર વર્ષનું તપ, કુરુક્ષેત્રમાં સૂર્યગ્રહણ સ્નાનનું પુણ્ય, ૧ ભાર સોનુ દાન,** વિદ્યા દાન, ૧૦૦ કન્યા દાન જેટલું પુણ્ય મળે. વૈકુંઠમાં પૂજાય. | **ચૈત્ર** | **કૃષ્ણ** (વદ) |
| મોહિની | મોહ નાશ પામે, ૧૦૦૦ ગો દાન પુણ્ય મળે. | વૈશાખ | શુક્લ (સુદ) |
| **અપરા** | **જગ પ્રખ્યાત થાય, બ્રહ્મહત્યા, ગોત્રનાશ, ગર્ભહણનાર, પરનિંદા,** પરસ્ત્રી ગમનનું પાપ જાય. | **વૈશાખ** | **કૃષ્ણ** (વદ) |
| નિર્જળા/ભીમ | આજના સૂર્યોદયથી આવતી કાલના સૂર્યોદય સુધી જળ અન્નનો ત્યાગ. તુલસીને જળમાં મુકવી / તુલસીને જળ ન ચઢાવવું. સર્વ એકાદશીનું ફળ મળે, સેંકડો વંશજો વૈકુંઠમાં જાય, સૂર્ય ગ્રહણ સ્નાન ફળ અને શ્રાદ્ધ કર્યાનું ફળ મળે. | જેઠ | શુક્લ (સુદ) |
| **યોગીની** | **૮૮ બ્રાહ્મણ જમાડયાનું ફળ મળે. કોઢ મટે.** | **જેઠ** | **કૃષ્ણ** (વદ) |
| **અષાઢી(દેવ** પોઢી)/ પદ્મા | **મેળો થાય છે, ફરાળ કરવો.** | **અષાઢ** | **શુક્લ** (સુદ) |
| કામિકા | વાજપેય યજ્ઞનું ફળ મળે, બ્રહ્મહત્યા અને ગર્ભહત્યાના પાપથી મુક્ત થઈ વૈંકુંઠ જાય. | અષાઢ | કૃષ્ણ (વદ) |
| પુત્રદા | વાજપેય યજ્ઞનું ફળ મળે, પુત્ર સુખ મળે, મૃત્યુ બાદ સ્વર્ગ મળે. | શ્રાવણ | શુક્લ (સુદ) |
| અજા | અશ્વમેઘ યજ્ઞફળ મળે, પાપ મુક્ત થઈ સ્વર્ગ જાય. | શ્રાવણ | કૃષ્ણ (વદ) |
| **પરિવર્તિની** | **વામન એકાદશી. પાપ હરે, મોક્ષ આપે, હજાર અશ્વમેઘ યજ્ઞનું ફળ મળે. સ્વર્ગમાં જઈ** ચંદ્રની જેમ શોભે. | **ભાદરવો** | **શુક્લ** (સુદ) |
| **ઇન્દિરા** | **અધોગતિ માપેલનો ઉદ્ધાર થાય. સઘળા ભોગ ભોગવી વૈંકુંઠમાં ચિરકાળ સુધી વસે છે.** | **ભાદરવો** | **કૃષ્ણ** (વદ) |
| **પાસાંકુશા** | **યમલોક કદી જોવો પડતો નથી. પૃથ્વીના બધા તીર્થોનું ફળ મળે, હજારો અશ્વમેઘ યજ્ઞો,** સેંકડો વાજસૂય યજ્ઞો કરતા પણ વિશેષ ફળ મળે. | **આસો** | **શુક્લ** (સુદ) |
| **રમા (દીવાળી)** | **યમંદિર દ્વારને ઉંબરે સાથિયા થાયૃ. બ્રહ્મા હત્યાના પાપો નષ્ટ થાય. પાપ મુક્ત થઇ વૈંકુંઠ જાય.** | **આસો** | **કૃષ્ણ** |

# ભારતીય સંસ્કૃતિમાં ૧૬ સંસ્કાર

## અઢારે સંસ્કારો

સ્ત્રીની રજ ધાતુ અને પુરુષનું વીર્ય મળીને જન્મતાની સાથે જ મનુષ્યમાં અમુક દોષારોપણ થઈ જાય છે જે પ્રકૃતીવશ તથા યુગપ્રભાવથી કોઈ ને કોઈ રીતે ધીમે ધીમે પ્રબળ બનીને મનમાં વિકૃતિઓ આણે છે. મનના આ વિકારોના પરિણામ રૂપ અવિવેક, ભ્રષ્ટાચાર, ગુનાખોરી, હિંસા વગેરે અસ્તિત્વમાં આવે છે. ત્યારે ખુબ મોડું થઈ ગયું હોય છે અને તેને નાથવા આકસ્મિક રીતે યુદ્ધના ધોરણે કડક પગલાં લેવા અનિવાર્ય થઈ જાય છે જે આસપાસનું પણ નુકશાન કર્યા વગર રહેતા નથી. આનો એક માત્ર નિર્દોષ અને રામબાણ ઉપાય છેઃ **સંસ્કાર.**

**સંસ્કારથી વિકાર જાયઃ** સુસંસ્કારી મનુષ્યો જલ્દી થી ખોટું આચરણ નથી કરતા હોતા કારણ એમનો અન્તરાત્મા ડંખતો હોય છે. પણ એને માટે આત્માનું પુષ્ટ હોવું અતિઆવશ્યક છે. અહીં જ આપણા સંસ્કારો મહત્વનો ભાગ ભજવી જાય છે. જીવનના પ્રત્યેક નવા તબક્કામાં પ્રવેશ કરતી સમયે વિધિસર સંસ્કાર રેડવાથી ન કે માત્ર માનસીક અશુધ્ધિઓ જતી રહે છે પણ આત્મા પણ પુષ્ટ થાય છે. અને મનુષ્ય ધાર્મિકતાના અનુભવ સહીત આધ્યાત્મિકતા તરફ ઉન્મુખ થાય છે. આમ થવાથી તે રોજના ક્રિયા-કલાપ પ્રત્યે અત્યાધિક સચેત રહેછે. અને નાના મોટા દોષ અથવા પાપકર્મો થી સ્વતઃ બચી જાય છે. આમ સંસ્કારોની યોજના અતિશય બુદ્ધીમતાથી કરવામાં આવેલી છે.

**મૂલ્ય અને સમ્માન વધેઃ** સંસ્કારથી વિભૂષિત મનુષ્યનું સમાજમાં મૂલ્ય અને સમ્માન વધે છે.

**દિવ્યજ્ઞાનને સુપાત્ર બનેઃ** આગળ નવા નવા સંસ્કારો રેડવાથી ગુનાધાનમાં વૃદ્ધિ થઈ દિવ્યજ્ઞાન મેળવવા સુપાત્ર બને છે.

પ્રત્યેક માં-બાપની ફરજ છે કે સમાજને સુસંસ્કારી ચરિત્રવાન માનવ આપે.

### સંસ્કારોની સંખ્યા

આપણી ભારતીય સંસ્કૃતિમાં કુલ અઢાર સંસ્કારો રહેલા છે. આમ તો ષોડસંસ્કાર (૧૬ સંસ્કાર) જ છે કારણકે “વાનપ્રસ્થાશ્રમ” અને “સંન્યાસાશ્રમ” ના સંસ્કાર સંન્યાસી અને ગાદીપતિ રાજા પ્રમાણે વધઘટ છે.



ઉપાસ્ય મૂર્તિની વિધિ માટે ૧૫ સંસ્કારો છે.

**૧. “ગર્ભાધાન” સંસ્કાર**

**૨. “પુંસવન” સંસ્કાર**

**૩. “અંતિમ સંસ્કાર”**

આ ત્રણ નીકળી જાય. (૧૮ – ૩ = ૧૫)

૧ ગર્ભાધાન સંસ્કાર (વિવાહ પશ્ચાત સ્ત્રી તેના ઋતુદર્શન બાદ ચોથા દિવસે ઉપવાસ કરી પવિત્ર મને પોતાના ગર્ભમાં પતિ દ્વારા શિશુ બીજ પ્રતિષ્ઠિત કરે). ગર્ભાધાન પૂર્વ અને પશ્ચાત મંત્રોનું સ્મરણ આખા વિશ્વમાં બીજે ક્યાં નહિ પણ માત્ર ભારતીય આર્યચિંતનમાં જ જોવા મળશે.

૨ પુંસવન સંસ્કાર (પુરુષ પુત્ર પ્રાપ્તિ હેતુ કરેલ યજ્ઞ-કર્મ) મનુષ્યએ સંતાન મા પુત્ર સંતતિ ન થતી હોઈ તૌ એના શાસ્ત્રીય પ્રયોગો કરવા જોઈએ કારણ કે મૃત્યુ પહેલા કરેલા પાપ નું પ્રાયશ્ચિત ના થયુ હોઈ તૌ સંતાન એ પાપ માથી મુકત કરાવિ શકે. ગર્ભાવસ્થાના ૩-૪ મહિને કરવાનો.

૩ સીમન્તોન્નયન સંસ્કાર (ખોળો ભરવો). ગર્ભાવસ્થાના ૭ મે મહિને કરવાનો

૪ જાતકર્મ સંસ્કાર (જન્મ સમયે નાભી છેદનના પહેલા ના થાય તો ૧૦ દિવસ ની અંદર કરી લેવો). બાળકના જન્મ બાદ પિતા મધ ચટાડે છે.

૫ નામકરણ સંસ્કાર (૧૦, ૧૧ કે ૧૨ મે દિવસે રાશિ પ્રમાણે ફોઈ દ્વારા નામ પાડવામાં આવે છે).

૬ કર્ણવેધ સંસ્કાર (કાન વિન્ધાવવો. બ્રાહ્મણો બાળક જન્મ્યાની ૧૬ દિવસની અંદર જ કરી દેતા હોય છે).

૭ નિષ્ક્રમણ સંસ્કાર (શિશુને બે ત્રણ મહિના પછી ઘરની બહાર લાવવું)

૮ અન્નપ્રાશન સંસ્કાર (૬ મહિને બાળકને અન્ન ખવડાવવામાં આવે છે).

૯ અનાદિષ્ટ પ્રાયશ્ચિત સંસ્કાર (ઉપર કહેલ સંસ્કારો સમયસર ન થયા હોય તો).

૧૦ ચૂડાકરણ સંસ્કાર (ચૌલ ક્રિયા, મુંડન કરી શીખા રાખવી)

૧૧ ઉપનયન (યજ્ઞોપવીત) સંસ્કાર (જનોઈ આપવી)

૧૨ વેદારંભ સંસ્કાર (બ્રહ્મચર્ય પાલન સાથે વેદોનો અભ્યાસ)

૧૩ કેશાન્ત અથવા ગોદાન સંસ્કાર (દાઢી ઈત્યાદી જગ્યાએથી વાળ કાઢવા. બ્રહ્મચર્ય વ્રત પૂરું કરવું).

૧૪ સમાવર્તન સંસ્કાર (વેદાધ્યયન સંપૂર્ણ કરી ઘરે આવવું)

૧૫ વિવાહ સંસ્કાર (લગ્ન)

૧૬ વાનપ્રસ્થ સંસ્કાર (રાજપાટ, કારભાર છોડી વનમાં તપ કરવા ચાલ્યા જવું)

૧૭ સંન્યાસ સંસ્કાર (સંસારિક જીવનથી સંપૂર્ણપણે ત્યાગ)

૧૮ અંત્યેષ્ટિ સંસ્કાર (મૃત્યુ પશ્ચાતની અંતિમ ક્રિયા)

R.N.I. Regd. No. GUJGUJ/2022/82886

Date of Publication: 25th of Every May, August, November & February



# પવિત્ર શ્રાવણ મહિનામાં ઘરમાં લઈને આવો આ ૧૦ શુભ વસ્તુઓ, ચમકી જશે કિસ્મત

પવિત્ર શ્રાવણ મહિનાની શરૂઆતથી તમારે તમારા ઘરમાં આ ૧૦ શુભ વસ્તુઓને જરૂરથી લાવવી જોઈએ, જેનાથી તમારું કિસ્મત બદલાઈ જશે.

## ૧. ત્રિશુળ

ત્રિશૂળ હમેશાં શંકર ભગવાનના હાથમાં જોવા મળે છે. તે ત્રણ દેવ તથા ત્રણ લોકનું પ્રતીક છે. શ્રાવણ મહિનામાં ચાંદીનું ત્રિશૂળ ઘરમાં લાવવાથી આખું વર્ષ તમે તકલીફોથી દૂર રહી શકો છો. અને તે તમારી રક્ષા કરે છે.

## ૨. રુદ્રાક્ષ

સુખ, સૌભાગ્ય અને સમૃદ્ધિ માટે તથા મનની પવિત્રતા માટે તમારા ઘરમાં અસલી રુદ્રાક્ષ લાવો. અને તે રુદ્રાક્ષને ઘરમાં મૂકો તથા તે રુદ્રાક્ષને ચાંદીમાં મઢાવીને પહેરી શકો છો. તે તમારા જીવન માટે ખૂબ જ શુભ અને સમૃદ્ધિદાયક બનશે.

## ૩. ડમરુ

ડમરુ શંકર ભગવાનનું ખૂબ જ મનપસંદ અને પવિત્ર વાદ્ય યંત્ર છે. ડમરુંની પવિત્ર ધ્વનિથી આસપાસ રહેલી દરેક નકારાત્મક ઊર્જાનો નાશ થઈ જાય છે. આપણા શરીરના આરોગ્ય માટે પણ ડમરુનો અવાજ ખૂબ જ અસરકારક માનવામાં આવ્યો છે. શ્રાવણ મહિનામાં ડમરુને લાવીને ઘરે મૂકો અને તેના છેલ્લા દિવસે કોઈપણ બાળકને તે ડમરુ ઉપહારમાં આપો.

## ૪. ચાંદીના નંદી

નંદી શંકર ભગવાનનો ગણ પણ છે અને તેમનું વાહન પણ છે. જો શ્રાવણ મહિનામાં ચાંદીના નંદીને ઘરે લાવીને સંપૂર્ણ મહિનો તેની પૂજા કરવામાં આવે તો આર્થિક સંકટોથી છૂટકારો મળે છે.

## ૫. જળપાત્ર

જળ શંકર ભગવાનને અત્યંત પ્રિય છે. તમે ઈચ્છો તો શ્રાવણ મહિનામાં ગંગાજળ લાવીને ઘરમાં મૂકો અને સંપૂર્ણ મહિનો કરીને પૂજન કરો પરંતુ તે સંભવ નથી તો તમે ચાંદી, તાંબુ અથવા પિત્તળનું પાત્ર લઈને તેમાં શુદ્ધ અને સ્વચ્છ નિર્મળ જળ ભરો. અને દરરોજ તેનાથી શંકર ભગવાનને જળ અર્પિત કરો ત્યાર બાદ ફરીથી તેને ભરીને મૂકો. આ પ્રયોગ કરવાથી ઘરમાં ધન આવે છે અને આ પ્રયોગો ખૂબ જ પ્રભાવી છે.

## ૬. સાપ

ભગવાન શંકરના ગળામાં સાપ દર વખતે રહે છે આમ શ્રાવણ મહિનામાં ચાંદીના નાગ- નાગણના જોડાને ઘરમાં લાવીને મૂકો, અને દરરોજ તેનું પૂજન કરો તથા શ્રાવણના છેલ્લા દિવસે કોઈ શંકર ભગવાનના મંદિરમાં જઈને મૂકી દો. આ પ્રયોગ તમારા પિતૃદોષ અને કાલસર્પ યોગમાં લાભ આપશે.

## ૭. ચાંદીની ડબ્બીમાં ભસ્મ

શંકર ભગવાનના કોઈપણ મંદિરમાંથી ભસ્મ લાવીને તેને નવી ચાંદીની ડબ્બીમાં લાવીને મૂકો સંપૂર્ણ મહિનો તેને પૂજનમાં સામેલ કરો ત્યારબાદ તેને તિજોરીમાં મૂકો. ઘરમાં બરકત માટે આ પ્રયોગ ખૂબ સારો છે.

## ૮. ચાંદીનું કડુ

ભગવાન શંકરના પગમાં ચાંદીનું કડું ધારણ કરેલું હોય છે. શ્રાવણ મહિનામાં તે લાવીને મૂકવાથી તિર્થયાત્રા અને વિદેશ યાત્રા કરવાના યોગ બને છે.

## ૯. ચાંદીનો ચંદ્ર અથવા મોતી

ભગવાન શંકરના મસ્તક ઉપર ચંદ્રમાં બિરાજીત છે તેથી શ્રાવણ મહિનામાં ચાંદીના ચંદ્રદેવ લાવીને પૂજનમાં મૂકો. જો સંભવ હોય તો સાચો મોતી પણ લાવી શકો છો. મોતીચંદ્ર ગ્રહની શાંતિ કરે છે. અને તેને કરવાથી ચંદ્રગ્રહની શાંતિ તો થાય જ છે, તેની સાથે જ મન પણ મજબૂત થાય છે. તમે ઈચ્છો તો ચંદ્ર અને મોતીનું એક સાથે પેન્ડલ લાવીને ધારણ કરી શકો છો.

## ૧૦. ચાંદીના બીલીપત્ર

આપણે સંપૂર્ણ શ્રાવણ મહિનામાં શંકર ભગવાનને બીલીપત્ર અર્પિત કરતા હોઈએ છીએ. પરંતુ ઘણી બધી વખત શુદ્ધ અખંડિત બીલીપત્ર મળવા સંભવ હોતા નથી. એવામાં ચાંદીનું બીલીપત્ર લાવીને દરરોજ શંકર ભગવાનને અર્પિત કરવાથી કરોડો પાપોનો નાશ થાય છે, અને ઘરમાં સારા કાર્યોનો સંયોગ બને છે.

★

"સદ્‌ગુણ જયતે" ત્રિમાસિકમાં છપાયેલા સમાચારો, લેખો, રચનાઓ અને ફોટોગ્રાફ વગેરે સાથે તંત્રીનું સહમત હોવું જરૂરી નથી.

• Printer, Publisher & Owned by •
**Kaushal Jayantilal Shah, and**

• **Printed at Shri Ganesh Offset, A/6, Subh Labh Estate, Tavdipura, Dudheshwar, Ahmedabad 380 004, and**

• **Published from** •
Shree Shakti Management, Lower Ground Floor, Shop No. 20, Center Point, Panchvati Cross Road, C.G. Road, Ahmedabad- 380 006
• Editor : **Kaushal Jayantilal Shah**

To,

**BOOK-POST**